ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે સને ૨૦૦૦-૨૦૦૧ ના
વર્ષમાં થયેલ યોજનાઓ અને તેના અમલીકરણ
બાબત

---

**ગુજરાત સરકાર-**
**સામાજીક ન્યાય અને અધિકારીતા(આદિજાતિ વિકાસ) વિભાગ**
**ઠરાવ ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬/પી**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ: ૯-૨૦૦૦**

**વંચાણે લીધા:**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા(આ.વિ.) વિભાગનો તા:૧૭-૯-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:બજટ-૧૦૯૯-૧૫૮/પ,
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગનો તા:૨૬-૪-૨૦૦૦ ઠરાવ ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬/પી.
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા(આ.વિ.) વિભાગનો તા:૪-૭-૨૦૦૦ નો પત્ર ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬-૫.

**<u>ઠરાવ:-</u>**

નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨૦૦૦ માટે ન્યુ ગુજરાત પેટર્નના અમલીકરણ માટે રૂ.૨૦૦.૦૦ કરોડનું ખાસ ફંડ આદિજાતિ વિકાસ વિભાગને હવાલે મૂકવામાં આવેલ અને તે અંગે ખર્ચ કરવા માટેની મંજૂરી સામાજીક ન્યાય અને અધિકારીતા(આ.વિ.) વિભાગનો તા:૧૭-૯-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:બજટ-૧૦૯૯-૧૫૮/૫;થી આપવામાં આવેલ તેમજ ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન કરવા માટે તેમજ ફાળવેલ ખાસ જોગવાઇના અમલીકરણ માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી.

ન્યૂ ગુજરાત પેટર્નની હાલની પ્રથા અને કાર્યપદ્ધતિ સુદ્દઢ કરવા, હાલની પ્રથા તપાસી યોગ્ય અંદાજપત્રીય કાર્યપદ્ધતિ અખત્યાર કરવા અને અંદાજપત્રીય અને આયોજન સંબંધિતબધાંજ પાસાંઓનો અભ્યાસ કરવા અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અધ્યક્ષપદે તા:૨૬-૪-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬/પી થી એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. સદરહુ સમિતિએ તેમને અહેવાલ જૂન-૨૦૦૦ માં સરકારશ્રીને રજૂ કર્યો હતો. તે અન્વયે સદરહુ સમિતિએ કરેલ ભલામણ મુજબ આદિજાતિ વિકાસ વિભાગે સને ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષમાં રૂા.૨૦૦.૦૦ કરોડની જોગવાઇ કરવા માટે, તેનું આયોજન અને અમલીકરણ બાબતમાં નવેસરથી માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવાની થાય છે. આમ સદરહુ સમિતિની ભલામણ અન્વયે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રૂ.૨૦૦.૦૦ કરોડના આયોજન અને અમલીકરણ બાબતમાં હવે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે. તેથી આ અંગેની માર્ગદર્શક સુચનાઓ હવે પછી બહાર પાડવામાં આવશે. તે મુજબ સને ૨૦૦૧-૨૦૦૨ના વર્ષના આયોજન અંગે કાર્યવાહી કરવાથી થશે. પરંતુ સને ૨૦૦૦-૨૦૦૧ના ચાલુ વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગે તા:૧૭-૯-૯૯ના ઠરાવ ક્રમાંક:બજટ-૧૦૯૯-૧૫૮/૫ અન્વયે જે સૂચનાઓ આપેલ છે તે મુજબ કાર્યવાહી

કરવાની થશે. તો તે મુજબ સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓને રૂ.૨૦૦.૦૦ કરોડની યોજનાઓનું અમલીકરણ કરવા આથી જણાવવામાં આવે છે. તે મુજબ પ્રત્યેક માસે જે ખર્ચ કરવામાં આવે તેનો પ્રગતિ અહેવાલ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને અચૂકરીતે મોકલવાનું આથી ઠરાવવામાં આવે છે.

દરમિયાન આ અંગે સને ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ માટે રૂ.૨૦૦.૦૦ કરોડની યોજનાઓની જોગવાઇ પૈકી ખર્ચ કરવા માટે પ્રાયોજના વહીવટદારશ્રીઓને તેમના જિલ્લાના કામો જિલ્લા આદિજાતિ વિકાસ મંડળમાં મંજૂર કરાવી, યોજનાઓનું અમલીકરણ નિયમાનુસાર ખર્ચ કરવા તા:૪-૭-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક:ટીએપી-૨૦૦૦-૮૧૬/પી,થી જે સૂચના આપવામાં આવેલ છે તે મુજબ સને ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ માટે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.કે.ચાવડા)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા(આ.વિ.) વિભાગ

પ્રતિ
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર.

સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ/ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ